## ગોવિંદા આલા રે.... આલા.... મટકી ફોડવા તૈયારીઓ શરૂ



■ જન્માષ્ટમીને આમ તો હજુ મહિનાની વાર છે પરંતુ મટકી ફોડવાની તૈયારીઓમાં શહેરાના ગોવિંદાઓ લાગી ગયા છે. વાડિ ફળિયા સુખાનંદ વ્યાયામ શાળામાં ગોવિંદાઓએ ઊંચી મટકી ફોડવાની પ્રેક્ટિસ કરી હતી. ગોવિંદાઓની તૈયારી જોવા વિસ્તારના લોકો મોટી સંખ્યામાં ઉમટી આવ્યા હતા. **(તસવીર : હેમંત ડેરે)**

# સુરતમાં ૨૦ કિમી પ્રતિ કલાકની ઝડપે દક્ષિણ-પશ્ચિમ પવન ફૂંકાયો

**ઉકાઈમાં** હજુ પણ ધીમી ગતિએ પાણીની આવક યથાવત: તાપમાન 32.4 ડિગ્રી થયું

સુરતઃ સુરત શહેર અને જિલ્લામાં વરસાદે હવે સંપૂર્ણ વિરામ લીધો છે. રસ્તાઓ પર પાણીનો ભરાવો ઓસરતા જનજીવન પણ ધીમે ધીમે સામાન્ય બની રહ્યું છે. વરસાદ બંધ થતાં હવે તેજ પવન લોકો માટે નવી અગવડનું કારણ બન્યો છે.

છેલ્લા બે દિવસથી સુરત શહેરમાં સતત તેજ પવન ફૂંકાઈ રહ્યો છે. રવિવારે શહેરમાં દક્ષિણ-પશ્ચિમ દિશાનો પવન આશરે ૨૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ફૂંકાયો હતો. તેજ પવનને કારણે વાહનચાલકો, ખાસ કરીને બાઈકચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. કેટલીક જગ્યાએ ધૂળ ઊડવાની સમસ્યા પણ જોવા મળી હતી. વરસાદમાં વિરામ મળતાં તાપમાનમાં પણ આંશિક ઘટાડો નોંધાયો છે. શહેરનું મહત્તમ તાપમાન ૩૨.૪ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જ્યારે લઘુત્તમ તાપમાન અડધો ડિગ્રી ઘટીને ૨૭.૮ ડિગ્રી સેલ્સિયસ રહ્યું હતું. હવામાં ભેજનું પ્રમાણ હજુ પણ ઊંચું રહેતાં ૮૦ ટકા ભેજ નોંધાયો હતો. બીજી તરફ, રવિવારે ઉકાઈ ડેમમાં આશરે ૨૧ હજાર ક્યુસેક પાણીની આવક નોંધાઈ હતી. પાણીની સતત આવકને પગલે ઉકાઈ ડેમની જળસપાટી વધીને ૩૧૩.૩૦ ફૂટ સુધી પહોંચી છે.

### 11 સ્થળે વૃક્ષો ધરાશાય, ફાયર બ્રિગેડ સતત દોડતી રહી

સુરતઃ ખૂબ ઝડપથી પવન ફૂંકાતા સુરતના વિવિધ વિસ્તારોમાં વૃક્ષો ધરાશાય થવાની ઘટનાઓ સામે આવી હતી. વૃક્ષો પડવાના કુલ 11 જેટલા કોલ ફાયર કંટ્રોલ રૂમને મળતા ફાયર બ્રિગેડની ટીમોએ તાત્કાલિક સ્થળોએ પહોંચી હતી. અડાજણક્રોમા હોસ્પિટલ નજીક વૃક્ષો ધરાશાય થયા હતા.પુણા સિલ્વર ચોકડીથી સવજીનગર ચોક વચ્ચે એક વૃક્ષ કાર ઉપર પડતાં વાહનને નુકસાન પહોંચ્યું હતું. જોકે તમામ બનાવોમાં કોઈ વ્યક્તિને ઇજા પહોંચી નહોતી અને જાનહાનિ પણ નોંધાઈ નથી. ફાયર બ્રિગેડની ટીમોએ વૃક્ષોની ડાળીઓ કાપીને અને રસ્તા પરથી અવરોધ દૂર કરીને વાહનવ્યવહાર ફરી શરૂ કરાવ્યો હતો.

**આ સ્થળે ઝાડ તૂટ્યા**

- રામનગર - ભેસ્તાન ગામ,
- પૂણા સિલ્વર ચોકડી પાસે
- ઘોડદોડરોડ શિવાજી ગાર્ડન
- પાંજરાપોળ નજીક
- પોલીસ કમિશનર કચેરી સામે
- વેસુ શ્યામબાબા મંદિર પાસે
- વેસુ વીઆઈપી પ્લાઝા
- પાલનપુર ગામ
- ડભોલીના ગોવિંદજી નગર

# પૂરપીડિત ૩,૬૯૦ પરિવારોને સહાય પહોંચાડી દેવાઈ

**છ** તાલુકાના ૨૦,૭૪૫ અસરગ્રસ્તોને રૂ. ૪.૬૮ કરોડથી વધુની કેશડોલ્સ અને ઘરવખરી સહાયનું વિતરણ

**પરિવારોને મળેલી સહાય**

| તાલુકો | પરિવાર | સહાય |
|---|---|---|
| કતારગામ | ૧૪ | રૂ. ૭૦ હજાર, |
| પુણા | ૪૨૬ | રૂ. ૨૧.૩૦ લાખ |
| મજુરા | ૯૨ | રૂ. ૪.૬૦ લાખ |
| અબ્રામા | ૫૪ | રૂ. ૨.૭૦ લાખ |
| ઉધના | ૬૪૫ | રૂ. ૩૨.૫૦ લાખ |

સુરતઃ સુરત શહેર અને આસપાસના વિસ્તારોમાં ખાડીપૂર બાદ અસરગ્રસ્ત પરિવારોને ઝડપથી આર્થિક સહાય પહોંચાડવા જિલ્લા વહીવટી તંત્રે કામગીરી વધુ ઝડપી બનાવી છે. જિલ્લા કલેક્ટર તેજસ પરમારના માર્ગદર્શન હેઠળ શનિવારે ૧૨ જુલાઈના શહેરના છ અસરગ્રસ્ત તાલુકાઓમાં કુલ ૩,૬૯૦ લાભાર્થીઓને રૂ. ૮૩.૯૩ લાખથી વધુની કેશડોલ્સ અને ઘરવખરી નુકસાન સહાય ચૂકવવામાં આવી હતી.

પૂર બાદ રાહત કામગીરીના ભાગરૂપે અત્યાર સુધીમાં શહેરના છ તાલુકામાં કુલ ૨૦,૭૪૫ અસરગ્રસ્તોને રૂ. ૪.૬૮ કરોડથી વધુની આર્થિક સહાયનું વિતરણ કરવામાં આવ્યું છે. વહીવટી તંત્ર દ્વારા સર્વે અને સહાય વિતરણની કામગીરી એકસાથે હાથ ધરાતા અસરગ્રસ્ત પરિવારોને ઝડપથી રાહત મળી રહી છે. શનિવારે સાંજે ૫ વાગ્યા સુધીમાં ૨,૪૫૯ લાભાર્થી પરિવારોને રૂ. ૨૨.૧૩ લાખથી વધુની કેશડોલ્સ સહાય ચૂકવવામાં આવી હતી.

ઉધના તાલુકામાં ૧,૨૯૦ લાભાર્થીઓને રૂ. ૧૧.૬૧ લાખથી વધુની કેશડોલ્સ સહાય ચૂકવવામાં આવી હતી. આ સાથે ઘરવખરીના નુકસાન માટે પણ સહાયનું વિતરણ કરવામાં આવ્યું હતું. સાંજે ૫ વાગ્યા સુધીમાં ૧,૨૩૧ અસરગ્રસ્ત પરિવારોને કુલ રૂ. ૬૧.૮૦ લાખની ઘરવખરી સહાય ચૂકવવામાં આવી હતી.

## મોટા વરાછામાં મંદિર જઈ રહેલા મહિલાની ચેઇન આંચકી લેવાઇ

સુરતઃ મોટાવરાછામાં મંદિરે જતી મહિલાની રૂપિયા ૧,૧૦,૦૦૦ની કિંમતનો સોનાનો ચેઈન આંચકીને હેલમેટધારી બાઇક સવાર ફરાર થઇ ગયો હતો. મોટા વરાછામાં મહારાજા ફાર્મ પાસે આવેલી 'ધ બ્લ્યુ બેલ' સોસાયટીમાં રહેતા ભાવનાબેન દિનેશભાઈ મોરડીયા (ઉ.વ.૫૫) ગત તા. ૨૪મી જૂનના રોજ સવારે સાડા સાત વાગ્યે પગપાળા કેપિટલ ગ્રાઉન્ડની પાછળ આવેલા વેણીનાથ મહાદેવ મંદિરે દર્શન કરવા જઈ રહ્યા હતા. તે સમયે પાછળથી હેલમેટધારી બાઈક ચાલક ધસી આવ્યો હતો. કાળો શર્ટ, બ્લ્યુ જીન્સ અને માથે હેલ્મેટ પહેરેલા આ બદમાશે પલકવારમાં ભાવનાબેનના ગળા પર ઝાપટ મારીને સોનાનો ચેઈન આંચકી લીધો હતો અને બાઈક પુરઝડપે ભગાવી મૂકી હતી.

## કાપોદ્રાની ૧૪ વર્ષની સગીરાનું અપહરણ કરનાર ઝડપાયો

સુરતઃ કાપોદ્રા વિસ્તારમાંથી ૧૪ વર્ષની સગીરાને લગ્નની લાલચ આપી ભગાડી જનાર આરોપીને ભાવનગરના મહુવા ખાતેથી ભોગ બનનાર બાળા સાથે દબોચી લીધો છે. ૧૪ વર્ષની સગીરાનું અપહરણ કરનાર ભાવનગરના તળાજાનો વતની અને હાલ કાપોદ્રાની સત્યનારાયણ સોસાયટીમાં રહેતો દીપક દાનાભાઇ બાંભણીયાને (ઉ.વ.૨૨) પોલીસે ઝડપી પાડ્યો છે. તે ભાવનગરના મહુવા ખાતે છુપાયો હોવાનું લોકેશન મળ્યું હતું.આરોપી દીપકભાઇ દાનાભાઇ બાંભણીયા ( ઉ.વ.૨૨ ધંધો. હોટફિક્સિંગ રહે. વેલકમ શેરી, સત્યનારાયણ સોસાયટી, કાપોદ્રા, સુરત મુળ ગામ ભદ્રાવળ-૩, તા.તળાજા, જિલ્લો ભાવનગરને સગીરા સાથે ઝડપી પાડ્યો હતો. કાપોદ્રા પોલીસે ભોગ બનનાર બાળાને મુક્ત કરાવી નરાધમ આરોપી વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# SMCમાં નોકરી અપાવવાના બહાને રૂપિયા ૭.૫૦ લાખની છેતરપિંડી

**સમાધાન** પેટે આપેલા બંને ચેક પણ બેંકમાં બાઉન્સ થતાં પોલીસ ફરિયાદ કરવામાં આવી

સુરતઃ સુરત મહાનગરપાલિકા (SMC) માં સરકારી નોકરી અપાવવાના બહાને લાખો રૂપિયા પડાવી લેતી ગેંગ શહેરમાં ફરી સક્રિય થઈ હોય તેમ વધુ એક મધ્યમવર્ગીય પરિવાર ઠગાઈનો ભોગ બન્યો છે. નાનપુરા વિસ્તારમાં નાસ્તાની લારી ચલાવી પરિવારનું ગુજરાન ચલાવતી પંચાવન વર્ષીય પ્રૌઢા પાસે મનપામાં મોટી લાગવગ હોવાનો દાવો કરી તેમની દીકરીને નોકરી અપાવવાના નામે એક ગઠિયાએ રૂ. ૭,૫૦,૦૦૦ પડાવી લીધા હોવાની સનસનાટીભરી ફરિયાદ નાનપુરા પોલીસ મથકે નોંધાઈ છે. પૈસા લીધા બાદ આરોપીએ ખોટા ફોર્મ ભરાવી ઠગાઈ આચરી હતી અને સમાધાન પેટે આપેલા ચેક પણ બેંકમાં બાઉન્સ થતાં આખરે મામલો પોલીસ સ્ટેશન પહોંચ્યો છે.

નાનપુરા ભંડારીવાડમાં રહેતા અને માછીવાડ ખાતે નાસ્તાની લારી ચલાવતા ધર્મીષ્ઠાબેન અનીલભાઈ પટેલ (ઉ.વ.૫૫) ની લારી પર વર્ષ ૨૦૨૧ માં વિઠ્ઠલ નારાયણ દુંતોડે (મૂળ રહે. બુલઢાણા, મહારાષ્ટ્ર, હાલ રહે. ભટાર, સુરત) નામનો ઈસમ અવારનવાર નાસ્તો કરવા આવતો હતો. તેણે તેમને જણાવ્યું હતું કે, 'હાલ સુરત મહાનગરપાલિકામાં નોકરીની ભરતી બહાર પડી છે. જો તમારી દીકરી ક્રિનલને નોકરીએ રાખવી હોય તો મારી ઉપર સુધી સારી ઓળખાણ છે, પણ તેના માટે રૂ. ૭.૫૦ લાખનો ખર્ચ થશે.' જેથી તેમણે તેને તા. ૧૫/૧૨/૨૦૨૧ સુધીમાં ટુકડે-ટુકડે કરીને કુલ રૂ. ૭,૫૦,૦૦૦ આરોપીને ચૂકવી દીધા હતા.. જો કે, લાંબો સમય વીતવા છતાં નોકરી ન મળતા અને વિઠ્ઠલે ફોન બંધ કરી દીધો હતો.

ત્યારબાદ ગત વર્ષે ઓક્ટોબર ૨૦૨૫ માં આરોપી જીંગા સર્કલ પાસે અચાનક મળી આવતા પરિવારે ઉઘરાણી કરી હતી. તે સમયે આરોપીએ નોટરી સમક્ષ બાંહેધરી ખત લખી આપીને બેંક ઓફ મહારાષ્ટ્રના રૂ. ૫ લાખ અને રૂ. ૨.૫૦ લાખના બે ચેક આપ્યા હતા. જે રિટર્ન થતાં તેમણે આરોપી સામે ઠગાઈની ફરિયાદ નોંધાવી છે.

## માતા-પિતા વતન ગયા અને યુવકે ફાંસો ખાઈ લીધો

સુરતઃ લિંબાયતમાં માતાપિતા વતન ગયા અને યુવકે પાછળથી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો.

મળતી માહિતી અનુસાર, મૂળ મહારાષ્ટ્ર જલગાવના વતની ૨૨ વર્ષીય હેમરાજ રવિન્દ્ર પાટીલ હાલ લિંબાયત સંજયનગરમાં પરિવાર સાથે રહેતો હતો અને ટેમ્પો ડ્રાઈવિંગ કરી પરિવારને આર્થિકરીતે મદદરૂપ થતો હતો. શનિવારે તેના માતાપિતા કામ માટે વતનમાં ગયા હતા. દરમિયાન મધ્યરાત્રિએ ઘરમાં હેમરાજે ઘરના રસોડામાં લોખંડના હુક સાથે સાડી બાંધીને ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. જ્યારે બાજુમાં રહેતી તેની બહેનને ઘટનાની જાણ થતાં જ સમગ્ર ઘટના સામે આવી હતી. હેમરાજે કયા કારણોસર આપઘાતનું પગલું ભર્યું તે હાલ અકબંધ રહ્યું છે. બનાવ અંગે લિંબાયત પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# માત્ર પાંચ હજારની લેતીદેતીમાં ડિંડોલીમાં હત્યા થઈ હતી

**પોલીસે** હત્યામાં સંડોવાયેલા ત્રણ આરોપીને ઝડપી લીધા

**હત્યા** પ્રિપ્લાન હોવાથી ચપ્પુ ઓનલાઇન મંગાવ્યું હતું

સુરતઃ ડિંડોલી વિસ્તારમાં આવેલા રાજમહેલ મોલમાં થયેલી હત્યા કેસનો ભેદ ઉકેલી કાઢી પોલીસે હત્યામાં સંડોવાયેલા ત્રણની ધરપકડ કરી છે. માત્ર પાંચ હજાર રૂપિયાની લેતીદેતીમાં આ હત્યા કરી નાંખવામાં આવી હતી. હત્યા કરવા માટે ચપ્પુ ઓનલાઈન મંગાવવામાં આવ્યું હતું.

ગઈકાલે ડિંડોલીના રાજમહેલ મોલના પહેલા માળેથી એક યુવાનની હત્યા કરાયેલી લાશ મળી આવી હતી. પોલીસે તપાસ કરતા આ લાશ ડિંડોલીના સીઆર પાટીલ રોડ ઉપર આવેલા રઘુકુળ નગરમાં રહેતા અને TVS કંપનીમાં લોન રિકવરી તરીકે કામ કરતા રાજ અજય દુબે હોવાનું બહાર આવ્યું હતું. આ કેસમાં પોલીસે (૧) જયેશ ઉર્ફે જેમીશ ભરત વૈષ્ણવ (ઉ.વ.૨૦ રહે, સાંઈદર્શન રેસિડેન્સી, ખરવાસા રોડ, ડિંડોલી, સુરત મૂળ ગામ-બરોદ તા.દેસુરી જિ.પાલી, રાજસ્થાન), (૨) હિતેષ ઉર્ફે સોનુ મનોજ કટીયારે (ઉ.વ.૧૯ રહે, સાંઇ દર્શન રેસિડેન્સી, ખરવાસા રોડ, ડિંડોલી), (૩) પ્રશાંત ઉર્ફે પવન ઉર્ફે બાસી રાજુ શિંદે (ઉ.વ.૧૯ રહે, છત્રપતિ શિવાજીનગર, લિંબાયત, સુરત તથા વિનોબાનગર, લિંબાયત, સુરત મુળ ગામ ખાપડખેર, સારંખેડા, મહારાષ્ટ્ર)ની ધરપકડ કરી હતી. પોલીસ સમક્ષ કબૂલાત કરી હતી કે, મૃતક રાજ દુબે વચ્ચે પાંચ હજાર રૂપિયાની લેતીદેતી બાબતે અગાઉ ઉગ્ર ઝઘડો થયો હતો.

આ અદાવત રાખીને તેઓએ રાજને રસ્તામાંથી હટાવવાનું પૂર્વઆયોજિત કાવતરું ઘડ્યું હતું. મુખ્ય આરોપી જયેશે અગાઉથી ઓનલાઈન એક ચપ્પુ મંગાવી રાખ્યું હતું, જે તેણે હિતેષની દુકાને છુપાવી દીધું હતું.

ગત તા. ૧૦મીની રાત્રે આરોપી હિતેષે ફોન કરીને રાજ દુબેને રાજમહેલ મોલની અવાવરું જગ્યાએ મળવા બોલાવ્યો હતો. જ્યાં ત્રણેય જણાએ ભેગા મળીને રાજ પર ચપ્પુ વડે તૂટી પડી કરપીણ હત્યા નીપજાવી દીધી હતી.

# સ્નેપચેટ પર મિત્રતા કેળવી કોલેજિયન યુવતી સાથે દુષ્કર્મ

**ન્યૂડ** ફોટા-વિડીયો વાયરલ કરવાની ધમકી આપી હોટલ અને અવાવરુ જગ્યા પર લઇ ગયો હતો

સુરતઃ સ્નેપચેટ પર ફ્રેન્ડ રિક્વેસ્ટ મોકલી અમરોલીમાં રહેતી અને કોલેજમાં અભ્યાસ કરતી ૨૨ વર્ષીય યુવતીને પ્રેમજાળમાં ફસાવ્યા બાદ ન્યૂડ ફોટા અને વીડિયો વાયરલ કરવાની ધમકી આપી દુષ્કર્મ કરનારની પોલીસે ધરપકડ કરી છે સાથે પહેલાં મિત્રતા કેળવી હતી. ત્યારબાદ પ્રેમજાળમાં ફસાવી વાસનાંધ બનેલા આ સોશિયલ મીડિયા ફ્રેન્ડે યુવતીના ન્યૂડ ફોટા અને વીડિયો ઉતારી લઈને બ્લેકમેઈલિંગ કરી બળાત્કાર ગુજારતા મામલો અમરોલી પોલીસમાં પહોંચ્યો છે.પોલીસે કાર્યવાહી કરી મોટાવરાછાના ૨૪ વર્ષીય નરાધમ યુવકને ગણતરીના કલાકોમાં જ દબોચી લીધો છે.

પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત મુજબ, અમરોલી વિસ્તારમાં રહેતી અને મૂળ અમરેલીના પરિવારની કોલેજમાં અભ્યાસ કરતી ૨૨ વર્ષીય યુવતીને થોડા સમય પહેલાં નીતિન દિનેશભાઈ વાળા (રહે. સુમન પ્રથમ આવાસ, ડી-માર્ટની બાજુમાં, મોટાવરાછા, સુરત) નામના ઈસમે સ્નેપચેટ આઈડી પર ફ્રેન્ડ રિક્વેસ્ટ મોકલી હતી. જે સ્વીકાર્યા બાદ બંને વચ્ચે ગાઢ મિત્રતા થઈ હતી. ત્યારબાદ નીતિન ગત તા. ૨૯/૦૬/૨૦૨૬ના રોજ યુવતીને વેસુ ખાતે આવેલી 'વીકેન્ડ એડ્રેસ' નામની હોટલમાં લઈ ગયો હતો. ત્યાં તેણે યુવતીની મરજી વિરૂદ્ધ બે વખત શરીર સંબંધ બાંધ્યો હતો. આટલેથી જ ન અટકતા, નરાધમ નીતિને તે દરમિયાન યુવતીના ન્યૂડ (નગ્ન) ફોટા અને વીડિયો પોતાના મોબાઈલમાં કેદ કરી લીધા હતા. જેને વાયરલ કરવાની ધમકી આપી તે તેની સાથે વારંવાર દુષ્કર્મ કરતાં કંટાળીને યુવતીએ કરેલી ફરિયાદના આધારે પોલીસે ગુનો નોંધી આરોપીને ધરપકડ કરી હતી.

# શહેરમાં દોડતી કાર અને બે ઈવી મોપેડ અચાનક સળગી ઊઠી

**અણુવ્રત** દ્વાર પાસે કારમાં, ગોડાદરા-ડુંભાલમાં ઇવી મોપેડ આગની ઝપટે ચડ્યાં



સુરત : શહેરના સિટી લાઇટ વિસ્તારમાં રવિવારે સવારે દોડતી કારમાં અચાનક આગ લાગતાં થોડીવાર માટે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. કારચાલક અને તેમની પુત્રી સમયસૂચકતા દાખવી સમયસર કારમાંથી બહાર નીકળી જતાં મોટી દુર્ઘટના ટળી હતી. આ ઉપરાંત ગોડાદરામાં બે ઇવી મોપેડમાં પણ આગ લાગી હતી.

ફાયર બ્રિગેડ પાસેથી મળેલી માહિતી મુજબ, સિટી લાઇટ રોડ પર મહેન્દ્ર પાર્ક સોસાયટીમાં રહેતા ચેતનભાઈ રાયસા આજે સવારે તેમની પુત્રી સાથે કારમાં ઘરે પરત ફરી રહ્યા હતા. તે દરમિયાન સિટી લાઇટના અણુવ્રત દ્વારથી શ્યામ મંદિર જતાં માર્ગ પર કારમાંથી અચાનક ધૂમાડો નીકળવા લાગ્યો હતો. ચેતનભાઈએ તરત જ કારને રસ્તાની બાજુમાં ઊભી રાખી પોતાની પુત્રી સાથે સુરક્ષિત રીતે બહાર નીકળી ગયા હતા. થોડા જ ક્ષણોમાં કારમાં ભડકો થતાં વાહન આગની લપેટમાં આવી ગયું હતું. ઘટનાની જાણ થતાં ફાયર બ્રિગેડના બે ફાયર સ્ટેશનમાંથી ટીમો સ્થળ પર પહોંચી હતી. ફાયર જવાનોએ પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવ્યો હતો. સબ ફાયર ઓફિસર સુનિલ ચૌધરીનાં જણાવ્યા મુજબ ગોડાદરા સુભાષ નગર પાસે આવેલાં બાલાજી નગર સોસાયટીમાં સુજાતા દાસરેની ઈવી મોપેડમાંથી ધૂમાડા નિકળવાની શરૂઆત થતાં તેઓ પોતાનું મોપેડ રસ્તાની એક તરફ કરીને ઉતરી ગયા હતા. જ્યારે ડુંભાલ વિસ્તારનાં સ્વસ્તિક પાર્ક વિસ્તારમાં ચાર્જીંગમાં મૂક્યા બાદ મોપેડ સળગી ઉઠી હતી.

# ડી-માર્ટ શોપિંગની લિંકથી મહિલાનો મોબાઈલ હેક

**પરવટ** પાટિયાની મહિલાના ખાતામાંથી રૂ.1.29 લાખ ઉપડી ગયા

સુરતઃ પરવટપાટિયા પર રહેતી મહિલા 'ડી-માર્ટ શોપિંગ'ના નામે આવેલી વ્હોટ્સએપ લિંક ક્લિક કરતા જ તેનો મોબાઈલ હેક કરી તેના કોટક મહિન્દ્રા બેંકના ખાતામાંથી ઓટીપી આપ્યા વગર જ રૂ.1,29,492ની રકમ ઓનલાઈન તફડાવી લેવામાં આવી હતી. આ અંગે પુણા પોલીસ મથકે અજાણ્યા શખ્સો સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

પોલીસ પાસે મળતી માહિત મુજબ, પરવટપાટિયા શિવ શક્તિ કોમ્પ્લેક્સમાં રહેતા અને ગેસ એજન્સીમાં નોકરી કરતા બોસ્કીબેન વિશાલભાઈ બારડોલીવાલાના મોબાઈલ પર ગત 9 જાન્યુઆરીએ એક અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો હતો.

ફોન કરનારે પોતે ડી-માર્ટ શોપિંગમાંથી બોલતો હોવાનું કહી અન્ય નંબર પરથી વ્હોટ્સએપ પર એક લિંક મોકલી હતી.

પછી મહિલાએ 5 ફેબ્રુઆરીએ બેંક સ્ટેટમેન્ટ તપાસતા 9 જાન્યુઆરીના રોજ 'WWWMICOM'ના નામે રૂ.48,887, રૂ.53,887 અને રૂ.26,498 એમ કુલ ત્રણ ટ્રાન્ઝેક્શનમાં રૂ.1,29,492 ઉપડી ગયા હોવાનું સામે આવ્યું હતું. પ્રાથમિક તપાસમાં સાયબર ગઠિયાઓએ મહિલાનો મોબાઈલ હેક કરી તેને અજાણ્યા નંબર પર ફોરવર્ડ કરી દીધો હોવાનું સામે આવ્યું છે. જેના કારણે બેંકના મેસેજ અને ઓટીપી મહિલાને મળ્યા ન હતા અને ઠગોએ સરળતાથી ટ્રાન્ઝેક્શન કરી લીધા હતા.

બનાવ અંગે મહિલાએ 1930 સાયબર હેલ્પલાઈન પર ફરિયાદ નોંધાવ્યા બાદ પુણા પોલીસે અજાણ્યા શખ્સો સામે ભારતીય ન્યાય સંહિતા (BNS) તથા આઈટી એક્ટની સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# જાહેરમાં પત્નીને પતિએ વાળ પકડી ઢોર માર મારી, પ્રેમિકાએ પણ ઝાપટ મારી

**મોટા** વરાછામાં બનેલી ઘટનામાં રાહદારીઓએ મહિલાને બચાવી

**દંપતી** અલગ રહેતા હોય ફેમિલી કોર્ટમાં કેસ ચાલી રહ્યો છે, CCTV ફૂટેજના આધારે ઉત્રાણ પોલીસે તપાસ હાથ ધરી

સુરતઃ મોટા વરાછા રોડ પર જાહેરમાં પત્ની પર હુમલો કર્યાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. વર્ષોથી અલગ રહેતા પતિએ રસ્તા વચ્ચે પત્નીને અટકાવી ગાળો આપી વાળ પકડી ઢોર માર માર્યો હતો. દરમિયાન કારમાં બેઠેલી તેની પ્રેમિકાએ પણ મહિલાને ઝાપટ મારતાં સમગ્ર ઘટનાથી ભારે ચકચાર મચી હતી. ઘટનાના દ્રશ્યો નજીકના સીસીટીવી કેમેરામાં કેદ થયા છે. આ મામલે ઉત્રાણ પોલીસે પતિ અને તેની પ્રેમિકા સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

પોલીસના જણાવ્યા મુજબ, અમરોલી છાપરાભાઠા ઋષિકેશ રેસિડેન્સીમાં રહેતી 34 વર્ષીય હિરલ પ્રવીણ ગોળકિયા બ્યુટી પાર્લર ચલાવે છે. વર્ષ 2010માં તેમના લગ્ન પ્રવિણ અમરશીભાઈ ગોળકીયા સાથે થયા હતા. જોકે વર્ષ 2019થી દાંપત્ય જીવનમાં અણબનાવ થતાં બંને અલગ રહે છે અને ફેમિલી કોર્ટમાં કેસ ચાલી રહ્યો છે. ગત શનિવારે સવારે મહિલા પોતાની દીકરીને સ્કૂલે મૂકી એક્ટિવા પર ઘરે પરત ફરી રહી હતી. તે દરમિયાન મોટા વરાછા રોડ પર પ્રગતિ આઈટી પાર્ક નજીક પતિ પોતાની કારમાં પ્રેમિકા સાથે આવ્યો હતો. કારમાંથી ઉતરી પતિએ મહિલાને રસ્તો રોકી બિભત્સ ગાળો આપી માથા અને પીઠ પર મુક્કા માર્યા હતા તેમજ વાળ પકડીને ઢસડી હતી. દરમિયાન મહિલાએ કારમાં બેઠેલી પ્રેમિકાને ઝઘડાનું કારણ પૂછતાં તેણે પણ મહિલાના મોઢા પર ઝાપટ મારી હતી.

બનાવ દરમિયાન એકત્ર થયેલા રાહદારીઓએ વચ્ચે પડી મહિલાને વધુ મારથી બચાવી હતી. પીડિતાએ 112 હેલ્પલાઇન પર જાણ કરતાં પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. ઇજાગ્રસ્ત મહિલાને 108 એમ્બ્યુલન્સ મારફતે સ્મીમેર હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવી હતી. ઉત્રાણ પોલીસે પીડિતાની ફરિયાદના આધારે પતિ પ્રવિણ અમરશીભાઈ ગોળકીયા (રહે., પંચશીલા સ્કાય વરિયાવ, અમરોલી) અને તેની પ્રેમિકા આરતી પરમાર (રહે., સુમન પ્રયાગ આવાસ, મોટા વરાછા) સામે ભારતીય ન્યાય સંહિતાની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી સીસીટીવી ફૂટેજના આધારે વધુ તપાસ હાથ ધરી છે.

# ભાગાતળાવ ગુંબજવાળી મસ્જિદમાં નવા ટ્રસ્ટીઓની નિમણૂક મામલે વકફ બોર્ડનો હુકમ

**ખોટી** રીતે નિમાયેલા ટ્રસ્ટીઓ દૂર કરાયા, બોર્ડ અબ્દુલ રઉફ કાપડિયા, અલ્તાફ ચક્કીવાલા અને રઝાક ચક્કીવાલાને વહીવટકર્તા જાહેર કર્યા

સુરતઃ ગુજરાત રાજ્ય વક્ફ બોર્ડ, ગાંધીનગર દ્વારા ગુંબજવાળી મસ્જિદ વક્ફ ટ્રસ્ટ, ભાગાતળાવ સુરત વક્ફ રજિ. નં. બી/૨૮૮/સુરતના ટ્રસ્ટીપદ અંગેના લાંબા સમયથી ચાલી રહેલા વિવાદમાં તા. 3 જુલાઈના રોજ ગુજરાત બોર્ડ દ્વારા હુકમ કરવામાં આવ્યો છે. વાંધેદાર પક્ષકારો વતી બોર્ડમાં દલીલો કરનાર અમદાવાદ સ્થિત એડવોકેટ સાકિબ એસ. અન્સારીએ જણાવ્યું હતું કે, ટ્રસ્ટના પી.ટી.આર. રજિસ્ટર પર નોંધાયેલા મૂળ પાંચ ટ્રસ્ટીઓ– અલ્તાફ મોહમદ સલીમ ચક્કીવાલા, હાફિઝ અબ્દુલ રઉફ અહમદભાઈ કાપડિયા, અબ્દુલ રઝાક હાજી સુલેમાન ચક્કીવાલા, મુફ્તી હાશિમ હાફિઝ મિયામોહમદ સોપારીવાલા અને મોહમદ અમીન હાજી અબ્દુલ રહેમાન પાપડવાલા વચ્ચે તા. ૨૮/૧૧/૨૦૨૫ના રોજ યોજાયેલી કથિત જનરલ સભા બાદ ટ્રસ્ટીપદમાં ફેરફારને લઈને વિવાદ સર્જાયો હતો. એક તરફ મુફ્તી હાશિમ હાફિઝ મિયામોહમદ સોપારીવાલાએ ફેરફાર રિપોર્ટ નં. ૧૩૪૭/૨૦૨૫ દાખલ કરી પોતાની અને અન્ય નવા ટ્રસ્ટીઓની નિમણૂકનો દાવો કર્યો હતો. બીજી તરફ અબ્દુલ રઝાક હાજી સુલેમાન ચક્કીવાલા, હાફિઝ અબ્દુલ રઉફ અહમદભાઈ કાપડિયા અને અલ્તાફ મોહમદ સલીમ ચક્કીવાલાએ આ સામે વાંધા અરજ રજૂ કરી તથા ફેરફાર રિપોર્ટ નં. 1494/૨૦૨૫ દ્વારા દાવો કર્યો કે સોપારીવાલા અને મોહમદ અમીને તા. ૨૭/૧૧/૨૦૨૫ના રોજ જ નોટરાઈઝડ રાજીનામું આપી દીધું હતું અને ત્યારબાદની ખોટી જનરલ સભા તથા ખોટો ઠરાવ અને ખોટા સીકકા બનાવટી હોવાનો આક્ષેપ કર્યો હતો.

આ અંગેની સુનાવણી અને બંને પક્ષોની સોગંદનામા, દસ્તાવેજી પુરાવા અને લેખિત રજૂઆતો ધ્યાને લઈ ગુજરાત રાજ્ય વક્ફ બોર્ડના મુખ્ય કારોબારી અધિકારી પ્રદીપસિંહ રાઠોડે તા.03/072026 ન રોજ કરેલા હુકમમાં જણાવ્યું છે કે, મસ્જિદ ટ્રસ્ટની તા.૧૦/૦૬/૨૦૨૬ના રોજની બોર્ડ મીટિંગમાં ઠરાવ નં. ૦૩(એ) દ્વારા ફેરફાર રિપોર્ટ નં.1494/૨૦૨૫ મંજૂર કર્યો અને ફેરફાર રિપોર્ટ નં.૧૩૪૭/૨૦૨૫ દફતરે કરવાનો હુકમ કરવામાં આવે છે. આ હુકમથી નારાજ પક્ષકાર ઉમ્મીદ ગુજરાત રાજ્ય વક્ફ બોર્ડ ટ્રિબ્યુનલમાં દાદ મેળવી શકે છે. દરમિયાન વક્ફ બોર્ડના અધિક્ષકે ગુંબજવાલી મસ્જિદ ભાગાતળાવ સુરતના વહીવટકર્તા તરીકે હાફિઝ અબ્દુલ રઉફ એહમદ કાપડિયા, અલ્તાફ મો.સલીમ ચક્કીવાલા અને અબ્દુલ રઝાક હાજી સુલેમાન ચક્કીવાલાના નામનું પ્રમાણપત્ર જારી કર્યું હતું.

## સંક્ષિપ્ત સમાચાર

### સિનિયર સિટીઝન્સ એસોસિએશનના સભ્યો સાથે 'બુર્ઝગો કા હમસફર' કાર્યક્રમ યોજાયો



સુરતઃ ફેમિલી ફિઝિશિયન એસોસિએશનના પ્રોજેક્ટ 'બુર્ઝગો કા હમસફર' અંતર્ગત સંગીતની સુરાવલી રેલાવતો કાર્યક્રમ સુરમયી સફર તેમજ વરિષ્ઠ નાગરિકો માટે પ્રેરક રસપ્રદ માહિતી સભર કાર્યક્રમનું આયોજન સિનિયર સિટીઝન્સ એસોસિએશનના સભ્યો સાથે તાજેતરમાં યોજાયો હતો. સંસ્થાના અધ્યક્ષ બળવંતરાય ગજ્જરે મહેમાનોને આવકાર્યા હતાં. શંખ ધ્વનિ પ્રવિણચંદ્ર ભગત તેમજ ગીતા શાહે પ્રાર્થના રજૂ કરી હતી. લાયન્સ ક્લબ ઓફ સુરત નોર્થ તરફથી બે વડીલોનું સન્માન કરવામાં આવ્યું હતું. ડો. જયેશ તમાકુવાલાએ થાઇરોઇડ, ડો.દિપક તોરા વાલાએ સ્ત્રીઓમાં મૂત્રાશયના રોગોમાંથી ઉદભવતી સમસ્યા અને વરિષ્ઠ નાગરિકોમાં રસીકરણ તેમજ ડો. જયેન્દ્ર કાપડિયા એ હૃદય રોગથી ઉદ્ભવતી સમસ્યામાં, યોગ્ય આહાર અને કસરતની ઉપયોગીતા સરળ શૈલીમાં સમજાવી હતી. ડો.જયેશ તમાકુવાલા, ડો. દીપક અને ઈલા તારોવાલા અને ડો. જયેન્દ્ર અને પારુલ કાપડિયા એ વીતેલા જમાનાના લોકપ્રિય ફિલ્મી ગીતો રજૂ કરી સમગ્ર કાર્યક્રમને યાદગાર બનાવ્યો હતો. સંચાલન વસુબેન નાયક તેમજ આભાર વિધિ સુધીર વોરાએ કરી હતી.